૭૩૧-૧૦,૦૦૦-૦૩-૨૦૧૫ **Price 10/-** 01\Parchuran\Harikali.P26

# ગુજરાત યુનિવર્સિટી

## પુનર્મૂલ્યાંકન (રી-એસેસમેન્ટ) માટેની અરજી

| |
|---|
| પરીક્ષા.......................... |
| બેઠક નં. ...................... |

**અગત્યની સૂચના :**

(૧) **પુનર્મૂલ્યાંકનનું ફોર્મ પુનર્મૂલ્યાંકન વિભાગમાં રૂ. નં. ૪૨માં ચેક કરાવ્યા બાદ જ ફી ભરવી.**

(૨) **જે તે પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ અરજી સાથે માર્કશીટની વાંચ્ય નકલ અથવા સેલ્ફ પ્રમાણિત ઇન્ટરનેટની નકલ અથવા આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કૉલેજ રેકર્ડની નકલ સાથે અવશ્ય બીડવાની રહેશે.**

(૩) **આ અરજીનાં નાણાં રૂમ નં. ૨૦માં કામકાજના દિવસોએ ૧૧-૧૫ થી ૪-૦૦ દરમિયાન સ્વીકારાશે. દરેક માસના બીજા અને ચોથા શનિવારે તેમજ જાહેર રજાના દિવસે રજા હોય છે.**

(૪) **અરજીનાં નાણાં રોકડેથી જ જમા લેવામાં આવશે.**

(૫) **ફી ભરેલ પહોંચ ઉપર સરનામું લખી પહોંચ ફોર્મ સાથે લગાવવી જરૂરી છે.**

(૬) વિદ્યાર્થીએ પુનર્મૂલ્યાંકન માટે પેપર દીઠ રૂ. ૨૫૦/- ફી ભરવાની રહેશે, જ્યારે એન્જિનિયરિંગ, મેડિકલ (ફાઈનલ એમ.બી.બી.એસ., બી.ડી.એસ., ફિઝિયોથેરાપી) વિદ્યાશાખા માટે પેપરદીઠ રૂ. ૫૦૦/- પ્રમાણે ફી ભરવાની રહેશે.

(૭) વિદ્યાર્થી પોતાની જ ઉત્તરવહીનું પુનર્મૂલ્યાંકન કરવા માટે અરજી કરી શકશે.

(૮) પુનર્મૂલ્યાંકનથી ગુણ કે પરિણામમાં ફેરફારના કેસમાં કોઈપણ ફી પરત મળતી નથી, જેની નોંધ લેશો.

(૯) **રૂબરૂમાં ઉત્તરવહી તપાસવાની કે બતાવવામાં આવતી નથી.**

વિદ્યાર્થીનું પૂરેપૂરું નામ ........................................................................................

તથા સરનામું ........................................................................................

........................................................................................

........................................................................................

........................................................................................

વિદ્યાર્થીનો ફોન નં. ......................... (R) .......................... (M) ..............................

પ્રતિ ता. – –૨૦ .

કુલસચિવશ્રી,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મે. સાહેબ,

**હું ચાલુ સાલે નીચે મુજબ જણાવેલ પરીક્ષાના પેપરના ગુણનું પુનર્મૂલ્યાંકન કરાવવા માગું છું. તે અંગેની જરૂરી ફી રોકડા/રસીદ નં. ........................... થી કુલ રૂ. ..................... તા. ...................... ૨૦ આ સાથે ભરેલ છે.**

**વિદ્યાર્થીનું પૂરું નામ ........................................................................................**

**પરીક્ષાનું નામ ......................................... કેન્દ્ર ............................................ બેઠક નં. ............................**

**કૉલેજનું નામ ........................................................................... પરિણામ જાહેર થયા તા. ......................**

| ક્રમાંક | જે વિષયના જે પેપરનાં ઉત્તરપત્રોના ગુણનું પુનર્મૂલ્યાંકન કરાવવું હોય તે વિષય/પેપરનું નામ | | યુનિવર્સિટી પરીક્ષામાં (થીયરીમાં) મેળવેલ ગુણ |
|---|---|---|---|
| | વિષય | પેપરનું નામ અને નંબર | |
| ૧. | ........................................... | .............................................. | ...................... |
| ૨. | ........................................... | .............................................. | ...................... |

**[P.T.O.**

## એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૮-૮-૨૦૧૨ના ઠરાવ ક્રમાંક ૨૮ મુજબ પુનર્મૂલ્યાંકનના નિયમો

૧. વિદ્યાર્થીએ પુન:મૂલ્યાંકન માટે નિયત અરજીપત્રક જે તે પરીક્ષાનું પરિણામ (ગુણપત્રક) જાહેર થયાની તારીખથી સળંગ ૧૫ દિવસ સુધીમાં પુન:મૂલ્યાંકનની ફી સાથે કુલસચિવશ્રી, ગુજ. યુનિ. સમક્ષ રજૂ કરવાનું રહેશે.

૨. પુન:મૂલ્યાંકનની અરજી મળ્યેથી ઉત્તરવહી પર પરીક્ષક દ્વારા મૂકવામાં આવેલા કુલ ગુણની ચકાસણી કરવામાં આવશે. ગુણચકાસણીના કાર્ય દરમિયાન ગુણમાં કોઈ ફેરફાર જણાશે તો ગુણચકાસણીનું પરિણામ જાહેર કરવામાં આવશે. આ ગુણ જાહેર થયા બાદ અરજદાર પુન:મૂલ્યાંકન કરાવવા ન ઇચ્છતો હોય તો પુન:મુલ્યાંકન માટેની ભરેલ ફી પરત કરવામાં આવશે. જો વિદ્યાર્થી ઉત્તરવહીનું પુન:મૂલ્યાંકન કરાવવા ઇચ્છતો હોય તો અરજી કરનારની ઉત્તરવહીના પુન:મૂલ્યાંકન બાબતે સંમતી મળ્યા પછી જ ઉત્તરવહી ફરી મૂલ્યાંકન માટે મોકલવામાં આવશે. આ સંજોગોમાં પુન:મૂલ્યાંકનના હેતુ માટે ઉમેદવારે ગુણચકાસણી દરમિયાન મેળવેલા ગુણને જ મૂળ ગુણ માનવામાં આવશે.

૩. યુનિવર્સિટી દ્વારા નિયુક્ત થયેલા પરીક્ષકને પુન:મૂલ્યાંકનના હેતુ માટે ઉત્તરવહી મોકલવામાં આવશે. પ્રથમ પુન:મૂલ્યાંકન પછી મૂળ ગુણ અને મેળવેલ ગુણ વચ્ચે જે તે પેપરના વધુમાં વધુ ગુણના ૧૫ ટકાથી ઓછો તફાવત જણાશે તો તેના મૂળ ગુણ માન્ય રહેશે અને પ્રથમ પુન:મૂલ્યાંકન દરમિયાન મેળવેલ ગુણની કોઈ અસર આપવામાં આવશે નહીં. પ્રથમ પુન:મૂલ્યાંકન દરમિયાન પરીક્ષક દ્વારા આપવામાં આવેલ ગુણ અને મૂળ ગુણ વચ્ચે જે તે પેપરના વધુમાં વધુ ગુણના ૧૫ ટકા કે તેથી વધુનો તફાવત જણાશે તો બીજા પરીક્ષક પાસે પુન:મુલ્યાંકન માટે ઉત્તરવહી મોકલવામાં આવશે. બીજા પરીક્ષકના મૂલ્યાંકન બાદ જે ગુણ મૂળ ગુણથી ખૂબજ નજીક હશે તે ગુણ યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવશે. અને તે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

૪. વિદ્યાર્થીએ પુન:મૂલ્યાંકન મેળવેલ ગુણની તેના ગુણપત્રક પર અસર આપવામાં આવશે. પુન:મૂલ્યાંકનથી સુધરેલ ગુણ/પરિણામના આધારે ચંદ્રક/પારિતોષિક/ઈનામ મેળવવાને હક્કદાર બનશે નહીં. પુન:મૂલ્યાંકનનું પરિણામ વિદ્યાર્થીને પ્રતિકૂળ હોય તેમ છતાં બંધનકર્તા રહેશે.

૫. જે વિદ્યાર્થી બેથી વધારે પેપર/વિષયમાં નાપાસ હશે તેની પુન:મૂલ્યાંકનની અરજી સ્વીકારવામાં આવશે નહીં.

૬. ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી સ્નાતક, અનુસ્નાતક પદવી અને અનુસ્નાતક ડિપ્લોમાની પરીક્ષાઓના પુન:મૂલ્યાંકન માટે સંબંધિત બોર્ડની ભલામણ મુજબ અરજી કરી શકશે. જે તે પરીક્ષાના કોઈપણ **બે પ્રશ્નપત્ર** માટે જ પુન:મૂલ્યાંકન માટે અરજી થઈ શકશે. આ સિવાયની અરજીને યુનિવર્સિટી દ્વારા ધ્યાને લેવામાં આવશે નહીં.

૭. આંતરિક ગુણાંકન, પ્રેક્ટિકલ્સ, વાઈવા, ડિઝર્ટેશન, સેમિનાર કે ટર્મવર્કનું પુનર્મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.

૮. કોઈપણ પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ તે પરીક્ષામાં પુન:મૂલ્યાંકન દાખલ કરી શકાશે નહીં. જે પરીક્ષામાં પુન:મૂલ્યાંકન દાખલ કર્યા પછીનાં વર્ષમાં દાખલ કરી શકશે.

૯. **નીચે જણાવેલ પરીક્ષાઓમાં જ માત્ર પુનર્મૂલ્યાંકનની અરજી સ્વીકારવામાં આવશે :**

**(A) (૧) ટી.વાય.બી.એ. (રેગ્યુલર/એક્સ્ટર્નલ) (૨) એમ.એ. પાર્ટ-૧ (રેગ્યુલર/એક્સ્ટર્નલ) (૩) એમ.એ. પાર્ટ-૨ (રેગ્યુલર/એક્સ્ટર્નલ) (B) (૪) ટી.વાય.બી.કોમ. (રેગ્યુલર/એક્સ્ટર્નલ) (૫) એમ.કોમ. પાર્ટ-૧ (રેગ્યુલર/એક્સ્ટર્નલ) (૬) એમ.કોમ. પાર્ટ-૨ (રેગ્યુલર/એક્સ્ટર્નલ) (૭) ટી.વાય. બી.બી.એ., બી.બી.એ. સેમ.-૫ અને ૬ (રેગ્યુલર/એક્સટર્નલ) (૮) ટી.વાય. બી.સી.એ., બી.સી.એ. સેમ.-૫ અને ૬ (રેગ્યુલર/એક્સટર્નલ) (C) (૯) ટી.વાય. બી.એસ.સી., બી.એસસી. સેમે.-૫ અને ૬ (૧૦) એમ.એસસી. પાર્ટ-૧ (૧૧) એમ.એસસી. પાર્ટ-૨ (૧૨) એમ.લીબ., (D) (૧૩) એલ.એલ.બી. સેમ.-૫ અને ૬ (૧૪) થર્ડ એલએલ.બી. (૧૫) એલએલ.એમ. પાર્ટ-૧ (૧૬) એલએલ.એમ. પાર્ટ-૨ (E) (૧૭) બી.એડ્. (જનરલ/બેઝિક/સ્પેશિયલ) સેમ.-૧ અને ૨ (૧૮) એમ.એડ્. (૧૯) બી.પી.એડ્. (૨૦) એમ.પી.એડ્. (૨૧) બી.ઈ. સેમે-૬ (ઈ.સી., કોમ્પ્યુ., આઈ.ટી., આઈ.સી. બાયો-મેડિકલ) (૨૨) બી.ઈ. સેમે.-૭ (ઓલ બ્રાન્ચ) (૨૩) બી.ઈ. સેમે.-૮ (ઓલ બ્રાન્ચ) (૨૪) એમ.ઈ સેમે.-૧ (૨૫) એમ.ઈ. સેમે.-૨ (૨૬) પી.ડી.ડી.સી. સેમે.-૭ (ઓલ બ્રાન્ચ) (૨૭) પી.ડી.ડી.સી. સેમે.-૮ (ઓલ બ્રાન્ચ) (૨૮) એમ.પી.એ. ૧-૨ (F) સેમેસ્ટર પરીક્ષાઓ : (૨૯) બી.એ., બી.કૉમ. સેમ.-૫ અને ૬ (રેગ્યુલર/એક્સટર્નલ), (૩૦) એમ.એ. (૩૧) એમ.કોમ. (૩૨) એમ.એસસી. (૩૩) એલએલ.એમ. (૩૪) એમ.એડ્. (૩૫) એમ.એલ.ડબલ્યુ (૩૬) એમ.જે.એસ. (૩૭) એમ.ડી.સી. (૩૮) બી.એડ્. સેમેસ્ટર તેમાં પુન:મૂલ્યાંકનની અરજી સ્વીકારવામાં આવશે.**

આ સાથે મેં ........................... પરીક્ષામાં મેળવેલ ગુણપત્રકની ઝેરોક્ષ નકલ સામેલ કરેલ છે. મેં ઉપર દર્શાવેલ પુન:મૂલ્યાંકનના નિયમો તેમજ અગત્યની સૂચનાઓ વાંચેલ છે અને તે મને કોઈપણ સંજોગોમાં બંધનકર્તા છે.

આ પુનર્મૂલ્યાંકનને કારણે જે ફેરફાર થશે તે મને બંધનકર્તા રહેશે અને આવા ફેરફારને કારણે પાછળનો લાભ જો યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ મળવાપાત્ર ન બને તો મળી શકશે નહીં જેની મેં નોંધ લીધી છે.

પુનર્મૂલ્યાંકન પહેલાં ગુણ ચકાસણીમાં ભૂલ માલૂમ પડે અને પરિણામમાં પાસ જાહેર થાય તો હું પુનર્મૂલ્યાંકન કરાવવા માગતો નથી ☐ /કરાવવા માગું છું ☐ (બેમાંથી ફક્ત એક જગ્યાએ જ "✓" નિશાની (ટીક) કરવી નિશાની દર્શાવેલ નહીં હોય તો ગુજરાત યુનિવર્સિટીનો નિર્ણય આખરી ગણાશે.)

લિ. આપનો વિશ્વાસુ,

તા. ..................................

(વિદ્યાર્થીની સહી)...................................................

વિદ્યાર્થીનું નામ .......................................................